# પ્રાંતિજમાં જૈન સમાજ દ્વારા પર્યુષણ પર્વની ઉજવણી

**પંચકાણ અંતર્ગત તપસ્વીઓનું કરવામાં આવેલ બહુમાન**

પ્રાંતિજ, તા. ૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ શહેરમાં રહેતા જૈન ધર્મના ભાઈ-બહેનો દ્વારા પવિત્ર પર્યુષણ પર્વ નિમિત્તે જૈન દેરાસરમાં ભવ્ય આંગી બનાવવામાં આવી હતી. જેમાં પ્રાંતિજ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સકલ સંઘ દ્વારા આ પાવન પવિત્ર પર્યુષણ પર્વ નિમિત્તે દસ જેટલા તપસ્વીઓએ ઉપવાસ આરાધના કરી હતી. ત્યારે મંડળ અને મહારાજ સાહેબ વતી દશે ઉપવાસી પંચકાણ અંતર્ગત તપસ્વીઓનું બહુમાન કરવામાં આવ્યું હતું. જેમાં જૈન સમાજના પ્રમુખ ભરતભાઈ ફડીયા, રાજુભાઈ શાહ, દિલિપભાઈ કોઠારી સહિત સમાજના આગેવાનો તથા સાંસદ દિપસિંહ રાઠોડ તથા ગામના અગ્રણીઓ આગેવાનો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.



# રાજ્યમાં સ્માર્ટ પોલીસ મથકો સ્થાપવા તત્પરતા

## સમાજના રક્ષણની જવાબદારી પારદર્શિતા, નિર્ણાયકતા, સંવેદનશીલતા, પ્રગતિશીલતા આધારે અદા કરવા સૂચન

અમદાવાદ, તા.૩

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજય પોલીસદળને સમાજના રક્ષણ સલામતિની મૂળ જવાબદારી પારદર્શિતા, નિર્ણાયકતા, સંવેદનશીલતા અને પ્રગતિશીલતાના ચાર સ્થંભ પર અદા કરવાનું પ્રેરક આહવાન કર્યું છે. આ સંદર્ભમાં તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે, સમાજમાં પોલીસની ઈમેજ છબિ ઉપર જ શાસનકર્તા સરકારોની ઈમેજ રહેતી હોય છે. આપણે ગરીબ વંચિત શોષિત સામાન્યમાં સામાન્ય માનવીની સુરક્ષા સલામતિની સુદ્રઢ વ્યવસ્થા કરીને જ સુશાસનની જન અનુભુતિ કરાવી શકીશું. મુખ્યમંત્રીએ રાજય પોલીસદળના વરિષ્ઠ આઈપીએસ અધિકારીઓની પરિષદને ગાંધીનગરમાં માર્ગદર્શન આપતાં આ પ્રેરણા આપી હતી.

નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલ, ગૃહ રાજયમંત્રી પ્રદિપસિંહ જાડેજા, મુખ્યસચિવ ડૉ. જે એન સિંઘ,






પોલીસ મહાનિદેશક પી પી પાંડેય અને ગૃહના અધિક મુખ્યસચિવ ડાગુર તેમજ અધિક પોલીસ મહાનિદેશકઓ, આઈજી ડીઆઈજી વગેરે આ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રીએ કહ્યું કે, રાજયના પોલીસમથકોએ આધુનિક ટેકનોલોજી સજ્જ સમયાનુકુલ સ્માર્ટ પોલીસ સ્ટેશન બનાવીને પોલીસ દળ કર્મીઓની કાર્યદક્ષતા કાર્યક્ષમતાને નવો ઓપ આપવો છે. આ અંગે તેમણે વધુમાં ઉમેર્યુ કે, ટેકનોલોજીનો મહત્તમ વિનિયોગ સીસીટીવી જેવા સક્ષમ માધ્યમથી કરીને ગુનેગા નિયંત્રણ થઈ શકશે. ગુન્હા સંશોધનમાં ઝડપ લાવી શકાશે. આના પરિણામે જનમાનસમાં પોલીસ પ્રત્યેનુ પરસેપ્શન અવશ્યપણે બદલાશે જ તેવો વિશ્વાસ વિજય રૂપાણીએ દર્શાવ્યો હતો. તેમણે સુરત મહાનગર અને મોરબીમાં પબ્લીક પ્રાયવેટ પાર્ટનરશીપ પીપીપી મોડ પર જનભાગીદારીથી પોલીસમથકોને આવા આધુનિક આયામોથી સજ્જ કરી સ્માર્ટ પોલીસ સ્ટેશન્સ નિર્માણ થયા છે તે જ પરિપાટીએ રાજયના પોલીસમથકોને ટેકનોલોજીસભર સ્માર્ટ બનાવવાનું સુચન કર્યું હતું. મુખ્યમંત્રીએ પોલીસદળના આધુનિકરણ પોલીસ મોર્ડનાઈઝેશન પરત્વે વિશેષ ઝોક આપી જે બજેટ ફાળવવામાં આવ્યું છે તેનો મહત્તમ ઉપયોગ થાય અને સાઈબર ક્રાઈમ સામે ગુજરાત પોલીસ પુરી સજ્જતાથી પેશ આવે તેની હિમાયત કરી હતી. વિજય રૂપાણીએ પોલીસદળમાં નવયુવાનોની ભરતીની પ્રક્રિયા પણ ગતિશીલ બનાવી રાજયની રક્ષાપ્રજાવર્ગોની સુરક્ષા માટે પ્રતિબધ્ધ યુવાધન પોલીસદળમાં જોડાય તે માટેનું વાતાવરણ નિર્માણ કરવા અનુરોધ કર્યો હતો. નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલે આ પ્રસંગે જણાવ્યું કે, પ્રજા માનસમાં પોલીસ એટલે તેનો રક્ષક પણ અને મિત્ર પણ એવો ભાવ જાગે તે સાથે ગુન્હો આચરનારા તત્વો પોલીસની કડપથી મર્તબાથી ડરીને ગુન્હો આચરવાની હિંમત જ ન કરે તેવી કર્તવ્ય પરાયણતા પોલીસ દળની હોવી જોઈએ. તેમણે કહ્યું કે, પ્રજાને રંજાડનારા તત્વોને અસામાજીક પ્રવૃત્તિઓ આચરનારાઓને નશ્યત કરીને સામાન્ય માનવી નિર્દોષને રક્ષણનું દાયિત્વ જ પોલીસ દળની ટોચ પ્રાયોરિટી હોય. ગૃહ રાજયમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ પોલીસ દળની સર્વગ્રાહી કામગીરીમાં ઉચ્ચ અધિકારીઓનું ઈન્વોલ્વમેન્ટ જ તેમના હાથ નીચેના કર્મયોગીઓ માટે ટિમ સ્પીરીટ બનતું હોય છે તેનો ઉલ્લેખ કર્યો હતો.

# તરણેતર લોકમેળામાં ભારે ઉત્સાહ

અમદાવાદ, તા.૩

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે સૌરાષ્ટ્રના તરણેતરના લોકમેળાની ભવ્ય શરૂઆત આવતીકાલથી થઈ રહી છે. આને લઈને તંત્ર દ્વારા પણ તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. તરણેતરનો મેળો સાતમી સુધી ચાલનાર છે. જેને લઈને મોટી સંખ્યામાં પ્રવાસીઓ અને આસપાસના ગ્રામીણ લોકો પહોંચે તેવી શક્યતા છે. ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી પણ સૌરાષ્ટ્રમાં ત્રીનેતેશ્વર મંદિરના સાંનિધ્યમાં યોજાનાર લોકમેળાના ભાગરૂપે મહાદેવના દર્શને પહોંચશે. સરકાર દ્વારા વિવિધ સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવ્યું છે. સુરેન્દ્રનગર જિલ્લાના પંચાળ વિસ્તારમાં તરણેતર ખાતે પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ આવતીકાલથી ત્રીનેતેશ્વર મહાદેવના સાનિધ્યમાં વિશ્વ વિખ્યાત તરણેતરના ભાતીગળ લોકમેળાનો પ્રારંભ થશે. આ મેળામાં તરણેતરની આસપાસના ગ્રામીણ લોકોની સાથે દેશ વિદેશથી મોટી સંખ્યામાં પર્યટકો આવશે અને મેળાની મજા માણશે. તરણેતરનો મેળો પોતાની ભૌગોલીક જગ્યા અને સૌરાષ્ટ્રની પરંપરાગત સંસ્કૃતિને ઉજાગર કરતો મેળો છે. મેળામાં સૌરાષ્ટ્રની વિખ્યાત એવી વિવિધ ગામડાઓની સ્પર્ધાઓ પણ યોજાશે. આજુબાજુના ગામડાના લોકો પોતાના પરંપરાગત પોશાકમાં મેળામાં મહાલવા આવશે. સુરેન્દ્રનગરના પાંચાળ વિસ્તાર માટે એક દુહો પણ પ્રખ્યાત છે. ખડ પાણીને ખાખરા જ્યાં પથ્થરોનો નય પાર, જ્યાં વગર દીવે વાળુ કરે એ ભોમકો પાંચાળ આ પાંચાળની ભૂમિ ઉપર આવતીકાલથી સૌરાષ્ટ્રની પંરપરાને ઉજાગર કરતી તરણેતરના ભાતીગળ લોકમેળાનો પ્રારંભ થશે. તા.૫-૯ને સોમવારના રોજ ભાદરવી ચોથના દિવસે સવારે ૯.૩૦ કલાકે રાજયના પંચાયત મંત્રી જેન્તીભાઈ કવાડિયા, સાંસ્કૃતિક મંત્રી ઠાકોરજી, સાંસદીય સચિવ શામજીભાઈ ચૌહાણ, પુનમભાઈ મકવાણા સહિતના મહાનુભાવો હસ્તે ત્રીનેત્રેશ્વર મહાદેવની પુજા અર્ચના કરવામાં આવશે અને પરંપરાગત ધ્વજા મંદિરના શિખર ઉપર ચડાવવામાં આવશે ત્યારબાદ મેળાને ખુલ્લો મુકવામાં આવશે.

આ સમયે સુરેન્દ્રનગર જિલ્લા કલેકટર ઉદિત અગ્રવાલ, મામલતદાર, સરપંચ, ધારાસભ્ય, પોલીસ કમિશનર સહિત અધિકારીઓ પદાધિકારીઓ ઉપસ્થિત રહેશે. તા. ૪ થી ૭ સુધી યોજાનાર મેળામાં ભજન, ભોજનની રમઝટ બોલશે. તા. ૬ મંગળવારના રોજ મુખ્યમંત્રી વિજય રૂપાણી ત્રીનેત્રેશ્વર મહાદેવના દર્શનાર્થે આવશે. તરણેતરના લોકમેળામાં રાજય સરકાર દ્વારા વિવિધ હરિફાઈઓ યોજવામાં આવે છે. જેમાં બળદગાડા, ઘોડેસવારી, પોષાકો સહિતની લુપ્ત થતી હરીફાઈઓ યોજાશે.



ગાંધીનગર તાલુકાના વલાદ ખાતે પર્વાધિરાજ પર્યુષણ નિમિત્તે શ્રી મહાવીર સપ્તાહનું આયોજન કરાયું છે. આ કથા સપ્તાહ અંતર્ગત આજે ભગવાન મહાવીર સ્વામીનો જન્મોત્સવ મનાવાયો હતો.

## સમજૂતિ કરાર

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

સંબંધોને મજબુત કરવા માટે કટિબદ્ધ છે. મોદીએ બન્ને દેશોના સંરક્ષણ સહકાર માટે લાઈન ઓફ ક્રેડિટને લધારી ૫૦૦ મિલિયન ડોલર કરવાની પણ જાહેરાત કરી હતી. આ ઉપરાંત ભારત વિયેતનામની સાથે ન્યાચંગમાં ટેલિકોમ્યુનિકેશન યુનિવર્સિટીમાં સોફ્ટવેર પાર્ક સ્થાપિત કરવા માટે પાંચ મિલિયન ડોલરની મદદ પણ આપશે. આ અગાઉ ઐતિહાસિક યાત્રા પર હનોઈ પહોંચ્યા બાદ મોદીનુ ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુ હતુ. મોદીએ વિયતનામના વડાપ્રધાનને ભારત આવવા માટેનુ આમંત્રણ પણ આપ્યુ હતુ. મોદીએ કહ્યુ હતુ કે યજમાન દેશ બનીને વિયેતનામના વડાપ્રધાનનુ સ્વાગત કરવામાં તેમને વધારે ખુશી થશે. મોદીએ વિયતનામના રાષ્ટ્રીય દિવસ પર લોકોને શુભેચ્છા આપી હતી. વર્તમાન સમયમાં દુનિયાની સામે રહેલા પડકારોને પહોંચી વળવા માટે બન્ને દેશો સાથે મળીને કામ કરશે.

આ ઉપરાંત મોદી ચી મિન્હની સમાધિ ઉપર પણ પહોંચ્યા હતા અને વિયેતનામના રાષ્ટ્રીય શૂરવીરો અને શહીદોને યાદ કર્યા હતા. મોડેથી મિન્હ ડેમોક્રેટીક રિપબ્લિક ઓફ વિયેતનામના વડાપ્રધાન અને રાષ્ટ્રપતિને મળ્યા હતા. મોદીએ કહ્યું હતું કે બંને દેશો ખૂબ નજીક આવી રહ્યા છે. અત્રે ઉલ્લેખનિય છે કે ૧૯૫૦ના દશકમાં વિયેતનામમાં અમેરિકી હુમલાનો ભારતે વિરોધ કર્યો હતો.

## સંપત્તિ સીલ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

મહારાષ્ટ્ર સ્થિત ૨૦૦ કરોડ રૂપિયાના ફાર્મહાઉસ, બેંગલોરમાં ૮૦૦ કરોડ રૂપિયાના મોલ, યુબીએલ અને યુએસએલ કંપનીના ૩૦૦૦ કરોડ રૂપિયાના શેરનો સમાવેશ થાય છે. ગયા સપ્તાહમાં જ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના નેતૃત્વમાં બેંકોના ગ્રુપે સુપ્રિમ કોર્ટમાં કહ્યું હતું કે માલ્યાએ જાણીજોઈને પોતાની સંપૂર્ણ સંપત્તિની વિગત આપી નથી. બેંકોના કહેવા મુજબ સુપ્રિમ કોર્ટના આદેશ છતાં માલ્યાએ આ બાબતનો ઉલ્લેખ ન કર્યો હતો કે એક બ્રિટીશ કંપનીએ તેમને ૪૦ મિલિયન ડોલરની રકમ પણ આપેલી છે. આ વર્ષે ૨૫મી જુલાઈના દિવસે બેંકોના ગ્રુપ તરફથી દાખલ કરવામાં આવેલી અરજીમાં સુપ્રિમ કોર્ટમાં માલ્યા સામે નોટિસ જારી કરી હતી. અરજીમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો કે માલ્યાએ પોતાની સંપત્તિની પુરી વિગત આપી નથી. આ મામલામાં એટર્ની જનરલની દલીલોની સુનાવણી બાદ માલ્યાને નોટિસનો જવાબ આપવા માટે કહેવામાં આવ્યું હતું. આ અગાઉ ૧૪મી જુલાઈના દિવસે રોહતાગીએ કોર્ટમાં કહ્યું હતુ કે માલ્યાએ સુપ્રિમ કોર્ટના કહેવા પર કવરમાં પોતાની સંપત્તિની માહિતી કોર્ટને સોંપી હતી પરંતુ આ માહિતી સાચી ન હતી. માલ્યા ઉપર તિરસ્કારનો કેસ પણ બને છે.

## બેન્કની જરૂર છે

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

નિવેદનને દોહરાવીને રાજને કહ્યું હતું કે અમને વધુ થોડાક આગળ જવાની જરૂર છે. રિઝર્વ બેંક માત્ર દેખાવ માટે નથી જેથી રિઝર્વ બેંકની પાસે ના પાડવા માટેના અધિકાર છે. આગળ પણ રિઝર્વ બેંકના આ અધિકારને રક્ષણ મળે તે જરૂરી છે. રાજને ઉમેર્યું હતું કે ભારતને એક શક્તિશાળી દેશ બનાવવા માટે મજબૂત અને સ્વતંત્ર રિઝર્વ બેન્કની જરૂર છે. રાજને એમ પણ કહ્યું હતું કે રિઝર્વ બેન્ક પોતાના લાભમાંથી સરકારને ખાસ લાભ આપવાથી બજેટની સમસ્યા દુર કરવામાં મદદ મળશે નહીં. તેમણે એમ પણ કહ્યું હતું કે જી-૨૦ સંમેલનમાં નાણાપ્રધાનોની સાથે સાથે રિઝર્વ બેંકના ગવર્નર પણ બેસે છે. ત્યાં બેસવા માટેનું એક કારણ હોય છે. કારણ કે તેઓ રિઝર્વ બેંકના ગવર્નર હોય છે. તેઓ અન્ય નિયામક અથવા તો સરકારના સચિવની જેમ હોતા નથી. સરકારના ઈશારે કામ કરતા નથી.

## સ્વાભિમાન રેલી

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

છે. જોકે સ્વાભિમાન રેલીને મંજુરી મળી ગયા બાદ સુરક્ષાને લઈને પણ સાવચેતીના પગલાં લેવામાં આવી શકે છે. પાટીદાર સમુદાયના લોકો અગાઉ સમુદાયના લોકો માટે અનામતની માંગણીને લઈને જોરદાર આંદોલન કરી ચુક્યા છે. જેના કારણે વ્યાપક હિંસા પણ થઈ હતી. હાર્દિક પટેલના નેતૃત્વમાં પાટીદાર સમુદાયે આંદોલન ચલાવ્યું હતું. આ આંદોલના કારણે ગુજરાત સરકારને ભારે ટિકા ટિપ્પણીનો સામનો કરવો પડ્યો હતો. સાથે સાથે પાટીદાર સમુદાયની નારાજગીનો સામનો કરવો પડ્યો હતો. પાટીદાર સમુદાયની નારાજગી ભાજપ સરકાર સંપૂર્ણપણે હજુ પણ દુર કરી શકી નથી.

## મેલેરિયા મુક્ત

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

નાશ કરી પોરાનાશક કામગીરી કરી છે તેમજ ૪૭૦ જેટલો લોકો તાવથી પિડાતા હોવાથી તેમના લોહીના નમૂના લેવામાં આવ્યા છે.

ગ્રામ્ય વિસ્તારમાં વાહકજન્ય રોગચાળાને લઈ આવેલી જાગૃતિ જિલ્લામાંથી મેલેરિયા નાબુદી માટેની ઝુંબેશને નવો વેગ આપશે તેમ પણ તંત્રનાસત્તાવાહકો માની રહ્યા છે.

ગાંધીનગર જિલ્લો સ્પ્રે ફ્રી એરિયા જાહેર થયા પછી હવે મેલેરિયા નાબુદીના લક્ષ્યાંક સાથે તંત્રે આગળ વધવાનો રોડમેપ તૈયાર કરવાનો નિર્ણય કર્યો છે અને આ સર્વેલન્સ પછી તંત્રની રોડ મેપ તૈયાર કરવાની કામગીરીને નવી દિશા મળશે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પણ વાઈરલ ફિવરના કેસો વધુ મળ્યા છે તેમજ જે લોહીના નમૂના ચકાસવામાં આવ્યા છે તેમાંથી ૧૨ જેટલા મેલેરિયાના કન્ફર્મ કેસ હોવાનું જણાયું હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

## નર્મદાનું પાણી અપાશે

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

છે કે ઉદ્યોગભવનને નર્મદાનુ પાણી પુરુ પાડવા માટે જરૂરી સપ્લાય આપવામાં આવશે. આ માટે નજીકમાંથી પસાર થતી નર્મદાની લાઈનમાંથી ઉદ્યોગભવન સંકુલને જોડાણ આપવુ પડશે. જો કે મુખ્ય માર્ગ પરથી પસાર થતી લાઈનના જોડાણનુ કામ સરળ હોવાથી ટુંકમાં જ તંત્ર દ્વારા ઉદ્યોગભવનને પાણી સપ્લાય કરવા માટેનુ કામ હાથ ધરાશે. પાઈપલાઈનના કામના અંતે ભવનમાં પાણીનો સપ્લાય શરૂ કરી દેવાશે.

## મોરપીંછના રંગ

● **૪ પાનાનું ચાલુ...**

પ્રતિભાશાળી છે. મને એ નથી સમજાતું કે કપિલ આ અભિનેત્રીને શા માટે સાઈડ પર રાખે છે. આ અભિનેત્રીની તેજધાર તલવાર જેવી આંખો અને અસ્ખલિત વહેતી વાણી અને ચમકતું સૌન્દર્ય, ચશ્મા અને માથાના વાળનો અંબોડો એનો પહેરવેશ અને સ્ટાઈલ.. આ બધુ એક નવી શૈલીનું દર્શન કરાવે છે. ટી.વી જગતમાં તારક મહેતાની દયા ભાભી, 'ભાભીજી ઘર પે હૈ'ની અંગુરીભાભી પછી આ ત્રીજું કેરેક્ટર એવું જોવા મળે છે જે પોતાના આંગિક, વાચિક અને સાત્વિક ત્રણેય પ્રકારના અભિનયથી સૌના દિલ જીતી લે છે. કોમેડીમાં આજે વેરાઈટી લાવવી ખુબ અઘરી છે. બૂમ બરાડા પાડીને, વલ્ગર વાતો ને નીચલા સ્તરની છેડછાડ, હાવભાવ ને ચેષ્ટાઓ કરીને ઘણી હાસ્ય અભિનેત્રીઓ હાસ્ય શૉનું સંચાલન કરતી જોવા મળે છે. આ સુગંધા જેવી પ્રતિભાશાળી અભિનેત્રીએ આવા શૉના સંચાલન કે નિર્માણ વિશે ગંભીરતાપૂર્વક વિચાર્યુ નથી એટલે ચાલે છે કપિલે આ ટીચરને વધુ ફટીચર બનાવીને મશહુર ગુલાંટીની જેમ રજુ કરવાની જરૂર છે.

ઉપાસના સીંગ ફરી આ શૉમાં :બુઆ'' બનીને આવી ગઈ છે. પોતાના પાત્રને ખુબ સારી રીતે નિભાવે છે. અગાઉના શૉ કરતા આ શૉમાં શરીર થોડું ઉતર્યુ હોવાથી બુઆ વધુ સુંદર અને શાલિન લાગે છે.

નવજ્યોત સિંધુ આ શોમાં કોઈપણ ડાયલોગ્સ બોલ્યા વિના માત્ર હસવાનો અભિનય કરવામાં માહેર છે. સૌ કલાકારોને એક ''પાજી'' તરીકે વાત કરવાનું સ્ટેન્ડ પણ ખરું. તો વળી ક્યારેક હિરોઈનોના સૌન્દર્યને જોઈને શેર શાયરી બોલતા આ રાજકીય અભિનેતા માત્ર હસવાના પૈસા લે છે.

કપિલ શર્મા દ્વારા નિર્મિત આ શૉ ભારતનો સૌથી હીટ અને લોકપ્રિય મનોરંજક કાર્યક્રમ છે. આમાં એકદમ એકદમ નિર્દોષ અને તર્ક વિનાનું હાસ્ય છે. અહીં ફિલ્મના કલાકારો, ખેલાડીઓ, સંગીતકારો, અને અન્ય સેલિબ્રિટીઓને અહીં એકદમ હળવી વાતો કરવા જોવા સાંભળવા સૌને ગમે છે. કપિલની સેન્સ ઓફ હ્યુમર આ શૉની સિક્સર છે. અહીં કપિલના ત્રણ રોલ છે. કપ્પુ, ગપ્પુ અને ચપ્પુ.. આ ત્રણેય કેરેક્ટરને અવાજ અને બાહ્યરૂપ બદલીને સફળ રીતે રજુ કરે છે. એક ટી.વી. ઈન્ટરવ્યું, કોન બનેગા કરોડપતિ, ટોપ કી અદાલત, વગેરે દ્વારા પણ નવીનતા લાવીને મનોરંજન કરાવાય છે. ગોવિંદા સાથેના એક એપિસોડમાં એક જુના સ્કૂટર ઉપર પતિ ઉપરાંત ૯૦ કિલોની પત્ની, બે બાળકો બધા એક સાથે બેસે તો સ્કૂટરની કેવી દશા થાય ? એ સ્કૂટરમાંથી નીકળતા અવાજોની મિમિક્રી અદભુત હતી. તો વળી જેકલિન સાથેનું ફ્લર્ડ, છેડછાડ અને સ્વપ્નમાં તો સ્વપ્નમાં પણ આખી વાત છેક લગ્ન સુધી પહોંચાડે છે. કપિલનો ઘેરો અને લયબદ્ધ અવાજ, અભિનય અને દિપિકા પાદુકોણ પ્રત્યેનો પોતાનો અનુરાગ, બધી ફિરોઈનો સાથેનું ફ્લર્ટ, છેડછાડ, રોમાંસ. આપણને જકડી રાખે છે,

આ શૉના લેખકોને પણ ધન્યવાદ આપવા જોઈએ. કેમ કે અહી ક્યાંય કોઈ અપશબ્દ કે કોઈ વલ્ગર વાતો નથી. ક્યારેક સંગીતના સાત સૂરો ની મહેફિલ પણ હાસ્ય પ્રેર છે. આમ આ આખો ટી.વી શૉ લાખો કરોડો લોકોને શુદ્ધ ઓક્સિજન પૂરો પાડે છે. મફતમાં સૌને હસાવે છે, હું તો કહું છું કે આ શો દરરોજ સ્કૂલોમાં કૉલેજમાં ખાસ અને હોસ્પિટલોમાં તમામ દર્દીઓને બતાવવો જોઈએ.

- 9426060601.india@gmail.com

## ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ

**બ્લોક નં.૧૮, ૪થો માળ, ઉદ્યોગ ભવન, ગાંધીનગર**

ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળની કચેરી દ્વારા કુડાસણ (એમ.આઈ.જી.) સ્કીમનાં જે ફોર્મ બહાર પાડવામાં આવેલ હતા. તેમાં માન્ય થયેલ અરજીઓની પ્રાથમિક યાદી ગુડા કચેરીનાં નોટીસ બોર્ડ ઉપર પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. તેમજ ગુડા કચેરીની વેબસાઈટ ્.પ્રેદ્ધ્ફ.પ્રેદ્ધ્ફદ્ધિં.પ્ર્દ્રૈ.હ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. જે અન્વયે કોઈને, પોતાના નાંધા સુચન રજૂ કરવાના થતા હોય તો તેઓશ્રીએ લેખિતમાં તા. ૧૩/૯/૨૦૧૬ સુધીમાં ગુડા કચેરીને મોકલી આપવાના રહેશે. ત્યારબાદ કોઈપણ રજૂઆત ધ્યાને લઈ શકાશે નહીં. તથા ડ્રોમાં સમાવિષ્ટ કરવાપાત્ર અરજીઓની આખરી યાદી તા. ૧૭/૯/૨૦૧૬ના રોજ ગુડાની વેબસાઈટ તેમજ નોટીસ બોર્ડ ઉપર પ્રસિદ્ધ કરવામાં આવશે. તેની સર્વે સંબંધિતોને નોંધ લેવા વિનંતી છે.

**મુખ્ય કારોબારી અધિકારી**
**ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ**
**ગાંધીનગર**

માહિતી/૧૪૨૪/૧૬-૧૭

ટચુકડી
જાહેર ખબર
તાત્કાલિક જોઈએ છે
નાના બાળકની સંભાળ રાખવા તથા ઘરના નાના-મોટા કામ માટે બહેન જોઈએ છે
સવારે ૧૦ થી સાંજે ૭ સુધી
કુડાસણ, સીટી પલ્સની બાજુમાં
આકર્ષક પગાર
મો. : ૯૯૭૮૪૪૨૦૨૭
મો. : ૯૮૨૫૭ ૯૭૫૦૫

શ્રી ગાયત્રી વૉચ કંપની ઉજવે છે... તેની ૩૫મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એક્સચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વિસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર । ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in